# ''શિક્ષણ સહાયક જોઈએ છે''

મંડળનું નામ : હળપતિ સેવા સંઘ, બારડોલી

સંચાલિત ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અડદા તા.નવસારી જિ.નવસારી, શિક્ષણ સહાયકની ભરતી માટે નીચે દર્શાવેલ લાયકાત ધરાવનાર ઉમેદવારો પાસેથી લાયકાત મુજબ પુરેપુરુ સરનામું અને બે સંપર્ક નંબર તથા આઈડી પ્રુફ સાથે સ્વપ્રમાણિત કરેલ તમામ પ્રમાણપત્રોની નકલ સહિતની અરજીઓ ફક્ત રજીસ્ટડ એડી દ્વારા જાહેરાત પ્રકાશિત થયેથી ૧૦ દિવસમાં મંગાવવામાં આવે છે.

| ક્રમ | આશ્રમશાળાનું નામ | જગ્યાનું નામ | રોસ્ટર ક્રમ | જાતિ | લાયકાત | વિષય | ખાલી જગ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અડદા તા. નવસારી જિ.નવસારી | શિક્ષણ સહાયક | ૦૪ | બિન અનામત (દિવ્યાંગજન) | એમ.એ, બી.એડ. TAT-2 | સમાજશાસ્ત્ર | ૧ | ઘટ સરભર |

(૧) મદદનીશ કમિશ્નર, આદિજાતિ વિકાસની કચેરી, નવસારીના પત્રાંક નં./**ACTDNVS/0002/08/2024** તા.૦૨/૦૮/૨૪ મુજબ 'નાં વાંધા પ્રમાણપત્ર' મળેલ છે.

(૨) જાહેરાત દર્શાવ્યા મુજબ ઉચ્ચતર ઉત્તર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકમાં **TAT-2** ફરજીયાત પાસ કરેલ હોવા જોઈએ અને તેઓની પરીક્ષાની પરિણામની મુદત શિક્ષણ વિભાગના વર્તમાન ઠરાવ મુજબની જોગવાઈ મુજબ રહેશે.

(૩) ઉમેદવારોએ રજીસ્ટર એ.ડી.થી અરજી કરવાની રહેશે. અધુરી વિગતવાળી, સમયસર ન મળેલી તથા જાહેરાત મુજબની લાયકાત ન ધરાવનાર ઉમેદવારની અરજીઓ રદ થવા પાત્ર રહેશે. ઉમેદવાર ઈચ્છે તો અરજીની એક નકલ આદિજાતિ વિકાસ અધિકારી (આશ્રમશાળા) નવસારી જિલ્લા સી-બ્લોક, ત્રીજો માળ, બહુમાળી ભવન, જુના થાણા, નવસારી ૩૯૬૪૪૫ને મોકલવાની રહેશે.

(૪) દિવ્યાંગજન અરજદારે સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.

(૫) શિક્ષણ વિભાગ ગુ.રા.ગાંધીનગરના સુધારા ઠરાવ બમશ/૧૧૫૫/૨૨/ગ/ તા.૧૯/૦૨/૨૦૧૯ મુજબ શિક્ષણ સહાયક ને સરકારી ધારાધોરણ મુજબ માસિક ફિક્સ પગાર મળવાપાત્ર રહેશે. સંતોષકારક રીતે પાંચ વર્ષ પૂર્ણ કર્યા બાદ પુરા પગાર ધોરણમાં સમાવેશ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૬) માનનીય કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ કચેરી ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નંબર આવિ/આશા/ફાઈલ નં/૨૩૩૦/૨૦૧૯/૨૦૨૦ થી ૨૦૬૦ તારીખ ૩૦-૧૧-૨૦૧૯ અન્વયે શિક્ષકોને વિનામૂલ્યે રહેઠાણની સુવિધા આપવામાં આવશે. ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ૫૦% કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે તેથી મહિલા શિક્ષિકાઓને ગૃહમાતા અને શિક્ષકોએ ગૃહપતિ તરીકે ફરજીયાત ફરજ નિભાવવાની રહેશે.

(૭) ફક્ત મેરીટમાં નામ આવવાથી કોઈપણ ઉમેદવાર નિમણુંક માટે હક્ક દાવો માંડી શકશે નહીં. પસંદગી બાબતે જિલ્લા પસંદગી સમિતિનો નિર્ણય આખરી રહેશે.

(૮) સરકારી અનુદાનિત બોર્ડ/ કોર્પોરેશન સંસ્થાના કર્મચારી હોય તો સક્ષમ અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર અરજી સાથે સામેલ કરવાનું રહેશે.

(૯) જે ઉમેદવારના ગુણપત્રકમાં યુનિવર્સીટી દ્વારા ગ્રેડ - **C.G.P.** અથવા **S.G.P** દર્શાવેલ છે તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી કે કોલેજમાંથી તમામ વર્ષ કે સેમેસ્ટરના કુલ ગુણમાંથી મેળવેલ ગુણનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**અરજી મોકલવાનું સ્થળ :**

**પ્રમુખશ્રી, હળપતિ સેવા સંઘ**

**કામગાર ઘર, સ્ટેશન રોડ, બારડોલી જિ : સુરત પિન : ૩૯૪૬૦૧**

**માહિતી/નવસારી/૪૫૨/૨૦૨૫**